Extra No. 273

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)આર(૩) અન્વયે કાઢેલ હુકમ

વંચાણમાં લીધુ :-

- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ,ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/૯૬૪૭ થી ૯૭૬૧

નં. ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી.૩૭૧૦ થી ૩૭૨૭/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થનાર છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, ચૂંટણી એજન્ટો, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઊંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખૂબ જ ધ્વનિ પ્રદૂષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે આઇ.એ.એસ, જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)આર(૩) થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં આ જાહેરનામાની તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ના કલાક ૨૪/૦૦ નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો જિલ્લાના કોઈપણ વિસ્તારમાં રાત્રે ૨૨:૦૦ કલાક થી સવારના ૦૮:૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહિં.

(૨) કોઈપણ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સત્તાધિકારીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો દ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખીત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગ કરવામાં આવતી અરજીમાં વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી દ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારને તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના દ્વારા મેળવેલ પરવાનગી પત્ર (પરમીટ) ના સંપૂર્ણ અને લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૬) ફરતા વાહન ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ચાલુ વાહને થઈ શકશે નહિં. આવા કિસ્સામાં વાહનને કોઈ સ્થળે ઉભું રાખી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ આ હુકમની તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ: ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 22:21:23 IST